# અડાલજની સોસાયટીમાં એક જ રાતમાં ત્રણ-ત્રણ ઘરફોડ

## શ્રીનાથ રેસીડેન્સીના એક બંગલાની બારીની ગ્રીલ ન તુટતા રસોડાનો દરવાજો તોડી ૧.૭૫ લાખની મત્તા સાફ : બે બંગલામાંથી મળીને ૧.૯૦ લાખની ઘરફોડ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક અડાલજ વિસ્તારમાં સ્થિત શ્રીનાથ રેસીડેન્સીમાં ગત રાત્રીએ તસ્કરોએ ત્રણ-ત્રણ બંગલાઓને નિશાન બનાવી બંગલાના તાળા તોડ્યા હતા. જેમાં એક બંગલામાંથી તસ્કરોને કાંઈ મળ્યું ન હતું. પરંતુ બીજા બે બંગલાઓમાંથી મળીને તસ્કર ટોળકી રૂ. ૧.૯૦ લાખની કિંમતની મત્તા ઉઠાવી ગઈ હતી. મળતી માહિતી મુજબ આ બનાવ અંગે હજુ સુધી જાણવા જોગ અરજી નોંધાયેલી છે કોઈ પ્રકારની પોલીસ ફરીયાદ દાખલ થવા પામી નથી.

અડાલજ ગામમાં આવેલી શ્રીનાથ રેસીડેન્સીમાં ગઈકાલે રાત્રીના સમયગાળામાં ત્રાટકેલા તસ્કરોએ ત્રણ બંગલાઓને ટાર્ગેટ બનાવ્યા હતા. શ્રીનાથ રેસીડેન્સીનાં બંગલા નં. ૧૬ માં રહેતા મકાન માલીક ઊંઝા ખાતે પ્રાથમિક શાળાના પગાર કેન્દ્રમાં નોકરી કરે છે. શનિ-રવિની રજાઓ માણવા તેઓ પરિવાર સાથે તેમના વિસનગર ખાતે સ્થિત મકાનમાં રહેવા ગયા હતા. ગઈકાલે સવારે શ્રીનાથ રેસીડેન્સી ખાતે પોતાના બંગલે પરત પર્યા ત્યાં સુધીમાં તસ્કરો તેમનાં બંગલામાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૧.૭૫ લાખની મત્તા સાફ કરી ગયા હતા. રાત્રી દરમ્યાન ત્રાટકેલા તસ્કરોએ પહેલા તેમના બંગલાની બારીની ગ્રીલ તોડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તે ન તુટતા રસોડાના પાછળના દરવાજાનું પાટીયુ તોડી નાંખીને અંદર ઘુસ્યા હતા અને બે જોડ સોનાની બુટ્ટી, મંગળસૂત્ર, ચેઈન, વીંટી તથા ચાંદીના દાગીના અને રોકડ મળીને આશરે રૂ. ૧.૭૫ લાખનો મુદ્દામાલ ઉઠાવી ગયા હતા. તે ઉપરાંત તે જ રાત્રીના સમયે આ જ સોસાયટીમાં બીજા બે બંગલાઓના તાળા પણ તુટ્યા હતા. જેમાં બંગલા નં. ૫૦નું તાળુ તોડીને તેમાંથી અંદાજે ૧૫ હજારની મત્તા સાફ કરી ગયા હતા, જ્યારે બંગલા નં. ૫૩નું તાળુ તોડીને ઘુસેલા તસ્કરોને તે બંગલામાંથી કોઈ જ કિંમતી સામાન કે ચિજવસ્તુઓ હાથ લાગી ન હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે આ ત્રણ-ત્રણ થયેલી ઘરફોડ ચોરી સંદર્ભે માત્ર જાણવાજોગ અરજી દાખલ થઈ છે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

# રશ્મિ ભાવેનાં હત્યારા સુધી પહોંચવા કોઈ કડી જ મળતી નથી...!

## મિત્ર અને પતિના એસ.ડી.એસ. ટેસ્ટ ચાલુ માસના છેલ્લા અઠવાડિયે કરાશે : ચકચારી હાઈપ્રોફાઈલ મર્ડર કેસનું ગુંચવાતું જતું કોકડું...!

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ખુબ જ ચકચારી અને અત્યંત રહસ્યમય તેવા રશ્મિભાવે હત્યા કેસમાં પખવાડીયું થવા આવ્યા બાદ પણ પોલીસને હજુ સુધી કોઈ નકકર કડી મળી શકી નથી. સસ્પેકટ ડીટેકશન માટે એફએસએલમાં લઈ જઈ મિત્ર અને પતિ બંનેના એસ.ડી.એસ. ટેસ્ટ કરવામાં આવનાર છે જે અંતર્ગતનો ટેસ્ટ કરવા ચાલુ મહિનાના છેલ્લા અઠવાડીયાની તારીખ મળવાની શકયતા છે. હવે જોવું રહ્યું કે આ ચકચારી હાઈપ્રોફાઈલ મર્ડર કેસનું ગુંચવાયેલું કોકડું કયારે ઉકેલાય છે.

ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ગામની સીમમાં ધોળે દિવસે ફલેટના છઠ્ઠા માળે ઘરમાં ઘુસીને ગાંધીનગરના જાણીતા ડૉ. વિવેક ભાવેની પત્નિ રશ્મિ ભાવેની તિક્ષ્ણ હથિયાર વડે ગળુ રહેંસી નાંખીને કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. આ ચકચારી ઘટનાની તપાસ માટે પોલીસ રાજય બહાર પણ જઈ આવી તે ઉપરાંત વિવિધ દિશાઓમાં તપાસ કરી પરંતુ કોઈ સકારાત્મક પરિણામ મળ્યું નહી અને હત્યારા સુધી પહોંચવાની કોઈ જ કડી મળી શકી નહીં.

રહસ્યમય હાઈપ્રોફાઈલ હત્યા પ્રકરણમાં પખવાડીયું થવા આવ્યા બાદ પણ કોઈ કડી ન મળતા સમગ્ર તપાસ ગાંધીનગર એલ.સી.બી.ને હેન્ડ ઓવર કરવામાં આવી હતી. જો કે હજુ સુધી આ કેસમાં પોલીસને કોઈ નક્કર કડી મળી શકી નથી. હવે રશ્મિ ભાવેના મિત્ર અને પતિ બંનેના સસ્પેકટ ડિટેકશન માટેના ટેસ્ટ એફએસએલમાં થનાર છે. સુત્ર પાસેથી મળતી માહિતી પ્રમાણે બંનેના એસ.ડી.એસ. ટેસ્ટ ચાલુ મહિનાનાં એટલે કે માર્ચના છેલ્લા અઠવાડીયામાં કરવામાં આવશે. જો કે હજુ સુધી આ સંદર્ભે ચોકકસ તારીખ મળી નથી. એસ.ડી.એસ. ટેસ્ટ બાદ તપાસમાં કોઈ નવો વળાંક આવે છે કે કેમ તે જોવું રહ્યું...!





મધુર ડેરી ખાતે ફાયર ડેની ઉજવણી કરાઈ હતી. ડેરીના કર્મચારીઓને સવાચેતી અને સર્તકતાની ટીપ્સ અપાઈ હતી. અચાનક આગ લાગે ત્યારે કેવી જાતના પગલાં લેવા તેનું નિદર્શન કરાયું હતું.

(તસવીર : દિપક જાની)

# ૯મીએ અંતિમધામ ખાતે અસ્થિપ્રાર્થના સભા યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિ પ્રાર્થના સભા તા. ૯ માર્ચને શનિવારના રોજ સેક્ટર-૩૦ અંતિમધામ ખાતે સવારે ૯.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

શહેરમાંથી તા. ૮ ડિસે. ૨૦૧૨ થી તા. ૮ માર્ચ-૨૦૧૩ દરમ્યાન સદ્ગત પામેલ આત્માઓના અસ્થિકુંભ લઈ વસાહત મહામંડળના શશીકાંતભાઈ મોઢા અને જે.કે. પટેલ જશે. સદ્ગતના અસ્થિઓ હરિદ્વાર હરિ કી પૌડી ખાતે તા. ૧૧-૩-૧૩ના રોજ ૭.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન વિધિવત રીતે વિસર્જન કરવામાં આવશે. સદ્ગતના આત્માઓના માનમાં પ્રાર્થના સભામાં સહુ નગરજનો તેમજ સદ્ગતના સગા સ્નેહી મિત્રોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. અંતિમધામ ખાતે હાજર ન રહી શકનાર સ્નેહી મિત્રોને રેલવેસ્ટેશન સેક્ટર-૧૪ ખાતે ઉપસ્થિત રહી અસ્થિકુંભના દર્શન સવારે ૯.૪૦ થી ૧૦.૧૫ દરમ્યાન કરી શકે છે. તેમ વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગુસ્સા પર નિયંત્રણ મેળવવા અંગેનું ડૉ. ભાવેશ પટેલનું પ્રવચન

ગાંધીનગર, તા.૬

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર (મેઈન) દ્વારા ડૉ. ભાવેશ વિ. પટેલ (પીડીયાટ્રીશન એમ.ડી.)નું જાહેર પ્રવચન તા. ૯મી માર્ચ રાત્રે આઠ વાગે બલરામ ભવન, સેક્ટર-૧૨માં આવેલ છે. જેમાં ગુસ્સા પર નિયંત્રણ મેળવવું, વ્યવસાય અને જીવન વચ્ચે સંતુલન કેળવવું, તનાવ મુક્ત જીવન, ઈમોશનલ ઈન્ટીલીજન્સ વગેરે વિષયો પર ઉદ્બોધન કરશે. બાબુભાઈ એમ. પટેલ પ્રમુખ જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન જણાવેલ છે.

# સેક્ટર-૨૧ હવેલી મંદિરની દિવાલ પાછળ અસહ્ય ગંદકી

ગાંધીનગર, તા. ૬

શહેરના સેક્ટર-૨૧ ખાતે આવેલા ગોવર્ધનનાથજીની હવેલીની દિવાલ પાછળના ભાગે અસહ્ય ગંદકી હોવાથી ગંદકી દૂર કરવા ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા લાગતા વળગતા તંત્રને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

શહેરના સેક્ટર-૨૧ ચ-રોડ પાસે શ્રી ગોવર્ધનનાથજીની વૈષ્ણવ હવેલી આવેલી છે. આ હવેલી ૨૦ વર્ષ પૂર્ણ થતાં તાજેતરમાં ૨૧મો પાટોત્સવની ઉજવણી થવાની છે. આ પાટોત્સવમાં વલ્લભકુળ અને મહાનુભાવો આવવાના છે. હવેલીની દિવાલના પાછળના ભાગે તારની વાડ કરવામાં આવી છે.

જ્યાં હાલમાં ઝાડી-ઝાંખરા અને પુષ્કળ પ્રમાણમાં ગંદકી છે. ગંદકી હોવાથી મચ્છરોનું પ્રમાણ પણ પુષ્કળ છે. મંદિરના મુખ્યાજીનું નિવાસસ્થાન છે. ગંદકીને કારણે મંદિરમાં દર્શન કરવા આવતા દર્શનાર્થી સહિત મંદિરમાં રહેતા લોકો ગંભીર બિમારીમાં ન પટકાય તે માટે ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા વનવિભાગ અને મહાનગરપાલિકાને લેખિત રજૂઆત કરી આ દિવાલ પાછળની ગંદકી સત્વરે દૂર કરવા જણાવાયું છે.

# બેંક ઓફ બરોડામાં રીકરીંગ ખાતા માટે લોકો ધક્કે ચઢયા

ગાંધીનગર, તા.૬

રાષ્ટ્રીયકૃત બેંકો જુદા જુદા બચત- રીકરીંગ ખાતા ખોલવા માટે લલચામણી જાહેરાતો કરતા હોય છે. સેકટર-૧૧માં બેંક ઓફ બરોડાની શાખામાં ૩૬ મહિનાની લલચામણી રીકરીંગ ખાતા ખોલવાની થોડાક સમય પહેલાં જાહેરાત થયેલી જેના અનુસંધાને મહિલાઓ, વૃદ્ધોએ આવા રીકરીંગ ખાતા ફોર્મ ભર્યા હતા. એકાદ હપ્તો ભર્યા પછી તે બંધ થઈ ગહયેલ હોય તેમ જણાય છે. રૂબરૂમાં પૂછતાં વડી કચેરીએ તપાસ કરીને ખો રમાડવામાં આવે છે.

જો સ્થાનિક શાખાને પુરતા પુરાવા લઈને ખાતા ખોલવાની સત્તા નહોતી તો ગ્રાહકોને તે જ વખતે સમજણ આપવી જરૂરી હતી. કેટલાક ગ્રાહકોના રીકરીંગ ખાતા ચાલુ ન થતાં ધક્કે ચઢ્યા છે. તો સત્તાવાળાએ યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી લોકલાગણી પ્રવર્તે છે.

## પેટ્રોલ પંપે હવા ભરવાનો પંપ નિદ્રામાં

ગાંધીનગર, તા.૬

પેટ્રોલ પંપ ઉપર હવા ભરવાનું મશીન, પાણી તથા ટૉયલેટની સગવડ હોય તે મંજૂરી આપવામાં આવતી હોય છે. પરંતુ ગાંધીનગરમાં પેટ્રોલ પંપ પર હવા ભરવાની સગવડ મોટા ભાગે જોવા મળતી નથી. ખાસ કરીને સેકટર-૧૧ના પેટ્રોલ પંપ પર હવા ભરવાનો પંપ બંધ હાલતમાં હોવાથી સચિવાલય જતા કર્મચારીઓ તથા મહિલાઓને ભારે પરેશાની વેઠવી પડે છે. તો પંપો ઉપર પૂરતી સગવડો હોવી આવશ્યક છે. તંત્ર જરૂરી કાર્યવાહી કરે તેમ ચાલકો ઈચ્છી રહ્યા છે.

# શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં દબાણતંત્રનો સપાટો

## કોંગી કાઉન્સીલર હસમુખ મકવાણાએ આ દબાણ ઝુંબેશ સરકારના દમન જેવી લેખાવી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પણ જાતની નોટીસો આપ્યા વગર દબાણ હટાવવાની હાથ ધરાયેલી ઝુંબેશ અંગે કોંગીના કાઉન્સીલર શ્રી હસમુખ મકવાણાએ ઉગ્ર રોષ વ્યકત કર્યો છે.

શ્રી હસમુખ મકવાણાએ આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે ગામની પાદરે નાના નાના ગલ્લાઓથી રોજી મેળવતા લોકોના ગલ્લા હટાવવાથી દબાણો હટી જશે તેમ આ સરકાર માની રહી છે તે દુઃખદ છે.

તેમણે જણાવ્યું છે કે ગેરકાયદે બાંધકામો અંગે ઈમ્પેકટ ફીનો કાયદો લાવતી સરકારે આ નાની નાની રોજી મેળવતા પરિવારો અંગે કાયદો લાવવાની બાબતમાં વિચારણા કરવી જોઈએ.

શહેરના અસરગ્રસ્ત ગ્રામ વિસ્તારોમાં દબાણના ઓઠા હેઠળ જે દ્વેષપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે તેમાં કિન્નાખોરીનો ભાવ છતો થાય છે. કોઈને પણ નોટીસ આપવામાં આવી નથી તેમજ ગામડાઓમાં પાદરે તો લારી ગલ્લા રહેવાના જ એ ગ્રામજીવનની ઓળખ છે. ગામડાઓને નાબુદ કરવા માટેની આ ચાલ છે અને ગ્રામીણ પ્રજા પર દમન છે.

તેમણે આ મુદ્દે કલેકટરશ્રી તેમજ મેયરશ્રીને રૂબરૂ મળી તાત્કાલિક દરમિયાનગીરી કરવા માંગ કરી છે. જરૂર પડયે આ મુદ્દે મંત્રીશ્રીની કક્ષાએ પણ રજુઆત કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

# સ્વ.બચુભાઈ ઠાકરને ભાજપાની શ્રદ્ધાંજલી

અમદાવાદ, તા.૬

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ રાજયસભાના સાંસદ પરસોત્તમ રૂપાલા તેમજ પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ રાષ્ટ્રવાદી વિચારધારા માટે જીવનપર્યંત કલમ ચલાવનારા, રાષ્ટ્રભકત સ્વ.બચુભાઈ ઠાકરના દુઃખદ અવસાનથી શોકની લાગણી અનુભવી ગુજરાત ભાજપાના સમગ્ર પરિવાર વતી શ્રદ્ધાંજલી અર્પી છે.સ્વ.બચુભાઈ ઠાકર ભારતીય જનસંઘના પાયાના કાર્યકર અને અગ્રણી હતા.


ભાજપાના કાર્યકરોના વૈચારિક ઘડતરમાં સ્વ.બચુભાઈ ઠાકરનું યોગદાન અનન્ય રહેલું છે. રાષ્ટ્રના સંવેદનશીલ પ્રશ્નો પરત્વેના તેઓના સાધના સાપ્તાહિકમાં પ્રસારિત થતાં વિવેચનાત્મક, માહિતીપ્રદાન કરતા અને લખાણો વૈચારિક સ્પષ્ટતા પુરા પાડતા હતા. તેઓશ્રીના દુખઃદ અવસાનથી ગુજરાત અખબાર અને સાપ્તાહિક જગતમાં એક રાષ્ટ્રવાદી વિચારધારાના પુરસ્કર્તા ગુમાવ્યા છે.

## ઝુલેશ્વર મહાદેવ સે. ૩૦ ખાતે શિવરાત્રી નિમિત્તે ૧૦૮ દીવડાની આરતી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના ઝુલેલાલ સાંઈબાબા મંદિર પરિસર સેક્ટર-૩૦માં ઝુલેશ્વર મહાદેવ શિવાલયમાં આગામી તારીખ ૧૦મી માર્ચ-૨૦૧૩ને રવિવારે મહાશિવરાત્રીના પાવન પર્વે સવારના સમયે મહાદેવજીનું અભિષેક કરવામાં આવશે,

ત્યારબાદ પૂજા-અર્ચના કર્યા બાદ શિવ ભક્તોને પ્રસાદ વિતરણ કરવામાં આવશે. સાંજના ૬.૩૦ કલાકે ભગવાન ભોલાનાથની ૧૦૮ દીવડાઓની મહાઆરતી થવાની છે. તેમાં સર્વે ધર્મપ્રેમી જનતાને લાભ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવે છે. તેમ લાલચંદ ગોપલાણી, પ્રમુખ સીંધી પંચાયતની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.





જીઈબી કોલોની ખાતે સ્વામી યોગાનંદ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ઊર્જા બચાવો રેલી યોજાઈ હતી. વિદ્યાર્થીઓ ઊર્જા બચાવવાના વિવિધ ઉપાયોના બોર્ડ લઈ સમગ્ર કોલોનીમાં રેલી સ્વરૂપે ફર્યા હતા.

(તસવીર : દિપક જાની)






# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૧

સૂર્યાસ્ત : ૬.૩૯

## તાપમાન

મહત્તમ : ૩૬.૪ ડિ.સે.

લઘુત્તમ : ૧૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

જેક્સ ધ ગેંઈન્ટ સેલર-૩ડી (હિન્દી) : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦

એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૫.૦૦

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

આઈ મી ઓર મેંઈન : ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :

ધ એટેક્સ ઓફ ૨૬/૧૧ : ૧૦.૧૫

આઈ મી ઑર મેંઈન : ૧૨.૪૫, ૩.૦૦

જિલ્લા ગાઝીયાબાદ : ૫.૧૫

કાઈ પૉ છે : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

આઈ મી ઑર મેંઈન : ૧૦.૦૦

ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મર મીટેગે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. જગદીશચંદ્ર નર્મદાશંકર ઠાકર (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૧૨૦૯, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. મણીબેન સોમાભાઈ સોલંકી (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૫૨૧/૧, સેક્ટર- ૭/બી, ગાંધીનગર.